# પાઠ - ૧૨ પવિત્રતા

**યાદ રાખો :** *"હું પવિત્ર છું, માટે તમે પવિત્ર થાઓ. " (૧ પિત્તર ૧ : ૧૬)*

**પ્રસ્તાવના :** *પવિત્રતા ઈશ્વરનો મૂળભૂત સ્વભાવ છે. વેબસ્ટરનો શબ્દકોશ "પવિત્ર" ની વ્યાખ્યા "સમર્પિત અથવા ઈશ્વરની સેવા કરવા માટે અલગ કરાયેલા, આત્મિક શુધ્ધતાભર્યુ જીવન જીવવું" તરીકે આપે છે. પવિત્રતા આપણા જીવનોમાં ઈશ્વરના ચારિત્ર્યની ખાતરી કરાવે છે અને એ માર્ગમાં ચાલવું જે તેમને ખુશ કરે છે.*

*પવિત્રતાને જેઓ ઈશ્વરની સાથે થોડાં નજીક ચાલવાની ઈચ્છા રાખે છે, તેના માત્ર વિકલ્પ તરીકે ગણવાની નથી. તેનાથી ઊલટું ઈશ્વર તેને તેનાં બધાં બાળકો માટે જરૂરિયાત તરીકે જુએ છે.*

*"સઘળાની સાથે શાંતિથી વર્તો અને પવિત્રતા કે જેના વગર કોઈ માણસ પ્રભુને દેખશે નહિ. તેને ધોરણે તમે ચાલો. (હિબ્રૂ ૧૨ : ૧૪) તેમના માટેના આપણા પ્રેમને કારણે, આપણે આપણી લાગણીઓ, વલણો, વિચારો અને કાર્યોમાં તેમના જેવી બનાવાની ઈચ્છા રાખીએ છીએ."*

## આપણી લાગણીઓમાં પરિવર્તન

*(૧) આપણે ખ્રિસ્તની પાસે આવ્યા એ પહેલાં આપણે આપણી લાગણીઓને કે જે આપણી સ્વાભાવિક ઈચ્છાઓને સંતોષતી હતી તેવી બાબતો પર રાખતા હતા. કલોસી ૩ : ૧ આપણને આપણી લાગણીઓ માટે નવો હેતુ આપે છે.*

*તે શું છે ?* ..........................................................

*(૨) ૧ યોહાન ૨ : ૧૫-૧૭ વાંચો અને નીચેનાં ચાર પ્રશ્નોના ઉત્તરો આપો.*

*(અ) કઈ બે વસ્તુઓને પ્રેમ નહિ કરવાનું આપણને કહેવામાં આવ્યું છે ?*

................................ *અને* ................................

*(બ) કઈ ત્રણ લાલસાઓ જગત સાથે જોડાયેલી છે ?*

*(૧)* ................................

*(૨)* ................................

*(૩)* ................................

*(ક) જગત તથા તેની લાલસાનું શું થશે ?*

..........................................................

*(ડ) જેઓ ઈશ્વરની ઈચ્છા પૂરી કરે છે તેઓનું શું થશે ?*

..........................................................

# આપણાં વલણોમાં પરિવર્તન

(૧) કલોસી ૩ : ૮-૧૦ માં પાઉલ છ બાબતો વર્ણવે છે. જે આપણે તજી દેવી જોઈએ, તે શું છે ?

................................, ................................

................................, ................................

................................ અને ................................

(૨) રોમન ૧૩ : ૧૪ આપણને કહે છે કે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પહેરી લઈએ ................................ ને માટે ચિંતન ન કરીએ.

(૩) કલોસી ૩ : ૧૨-૧૩ માં તે સાત બાબતો વર્ણવે છે જે આપણે પહેરવી જોઈએ તે શું છે ?

................................ ................................

................................ ................................

................................ ................................

................................ ................................

કલમ ૧૪ માં આપણને સંપૂર્ણતાનું બંધન પહેરવાનું કહ્યું છે, તે શું છે ?

(૪) ૧ પિત્તર ૨ : ૧ માં આપણને પોતાની જાતને પાંચ વસ્તુઓથી દૂર કરવાની તથા છૂટકારો પામવાનું કહ્યું છે, તે શું છે ?

................................ ................................

................................ ................................

................................ અને સઘળા પ્રકારની

................................

(૫) એ અન્યાયયીઓ કોણ છે કે જેઓ દેવના રાજ્યમાં પ્રવેશી શકશે નહિ ? (૧ કરિંથી ૬ : ૯-૧૦)

(અ) ................................ (બ) ................................

(ક) ................................ (ડ) ................................

(ઈ) ................................ (ફ) ................................

(ગ) ................................ (એચ) ................................

(આઈ) ................................ (જે) ................................

જો તમે ઉપર આપેલી યાદીમાંથી એકપણ બાબતમાં દોષિત હતા તો તમે કેવી રીતે બદલાણ પામ્યા ? (૧ કરિંથી ૬ : ૧૧)

## આપણાં વિચારોમાં પરિવર્તન

(૧) આપણું મન ................................ જેવું હોવું જોઈએ. (ફિલિપી ૨ : ૫)

(૨) રોમન ૧૨ : ૧-૨ વાંચો અને ખાલી જગ્યા પૂરો.

"આ જગતનું ................................ ન ધરો, પણ તમારા મનથી નવીનતાને યોગે પૂર્ણ રીતે ................................ પામો."

(૩) આઠ હકારાત્મક બાબતો વર્ણવો જેનો આપણે વિચાર કરવો જોઈએ. (ફિલીપી ૪ : ૮)

(૧) ................................ (૨) ................................

(૩) ................................ (૪) ................................

(૫) ................................ (૬) ................................

(૭) ................................ (૮) ................................

(૪) આપણે ભૂંડી કલ્પનાઓ, ફિલસૂફી અને દુન્યવી દલીલો જે ઈશ્વરના સત્ય અને શિક્ષણની વિરૂધ્ધ છે. તેની સાથે શું કરવું જોઈએ ? (૨ કરિંથી ૧૦ : ૫)

.........................................................................................

## આપણા કાર્યોમાં (કરણીઓમાં) પરિવર્તન

(૧) એફેસી ૫ : ૧૮ કહે છે, "મદ્યપાન કરીને મસ્ત ન થાઓ, એ દુર્વ્યસન છે." તેના બદલે આપણે શેનાથી ભરપૂર થવું જોઈએ ? ................................

(૨) શું તમારા છેતરાવાનું અને મૂર્ખતાથી વર્તવાનું કારણ બની શકે ? (નીતિવચનો ૨૦ : ૧)

.........................................................................................

(૩) બાઈબલ આપણને શાનાથી નાસવાનું કહે છે ? (૧ કરિંથી ૬ : ૧૮) ................................

(૪) ૧ પિત્તર ૨ : ૧૧ કહે છે આપણે દૈહિક વિષયો (અસામાન્ય તીવ્ર ઈચ્છા) થી દૂર રહેવું જોઈએ. કારણ કે તેઓ આત્માની સામે લડે છે.

બે ઉદાહરણ આપો.

(૧) ................................ (૨) ................................

(૫) એફેસી ૪ : ૨૮ આપણને કહે છે કે આપણે ................................ કરવા કરતાં કામ (ઉદ્યોગ) કરવું જોઈએ.

(૬) આંખોની લાલસાને લીધે દાઉદ રાજા ઘેરી મુશ્કેલી (વ્યભિચાર અને ખૂન) માં મૂકાઈ ગયો. ગીતશાસ્ત્ર ૧૦૧ : ૨-૮ માં દાઉદે તેની આંખોની બાબતમાં શું નિર્ણય કર્યો ? ................................

(૭) શું સદાચરણને બગાડે છે ? (૧ કરિંથી ૧૫ : ૩૩)

..........................................................

(૮) ખ્રિસ્તીઓ તરીકે સારુ કરવા માટે આપણે શું દૂર કરવું જોઈએ ? (એફેસી ૪ : ૨૫)

..........................................................

## કેવી રીતે પવિત્ર બનવું

(૧) એફેસી ૪ : ૨૪ આપણને સૂચના આપે છે. “નવું માણસપણું જે દેવના મનોરથ પ્રમાણે ................................ માં તથા સત્યની ................................ માં સરજાયેલું છે, તે પહેરી લો.”

(૨) આપણે પોતાની જાતને પાપ કરતા કેવી રીતે રોકી શકીએ ? (ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૧:)

..........................................................

(૩) યાકૂબ ૧ : ૧૨-૧૬ વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો.

(અ) શું ઈશ્વર કોઈનું પરીક્ષણ કરે છે ? ................................

(બ) કેવી રીતે માણસ પરીક્ષણમાં પડે છે ?

..........................................................

(૪) પરીક્ષણમાં ન પડવા આપણે શું કરી શકીએ ? (માર્ક ૧૪ : ૩૮)

................................ અને ................................

(૫) શેતાનને આપણું પરીક્ષણ કરવાથી દૂર રાખવા આપણે કઈ બે બાબતો કરવી જ જોઈએ ? (યાકૂબ ૪ : ૭)

................................ અને ................................

## પવિત્રતાની સુંદરતા

એ સાચું છે કે ઈશ્વર બહારના દેખાવથી ન્યાય કરતા નથી. આનો અર્થ એ છે કે ઈશ્વર તેમનો ન્યાય બધી હકીકતોનાં આધાર પર કરે છે. માત્ર ઉપર છલ્લો દેખાવ નહિ તેમ છતાં ખ્રિસ્તી તરીકે તમારા બાહ્ય દેખાવ વિશે, ઈશ્વર કાળજી રાખે છે. જૂના કરારમાં ઈશ્વરના લોકોને તેમને અપાયેલા ધોરણ પ્રમાણે જીવવાનું હતું. જે તેમને બાકીના જગતથી અલગ પાડતું હતું. ઈશ્વર હજુ પણ તેમના લોકોને અલગ કરવા માંગે છે. “માટે તમે તેઓમાંથી નીકળી આવો અને અલગ થાઓ, એમ પ્રભુ કહે છે. મલિન વસ્તુને અડકો મા, એટલે હું તમારો અંગીકાર કરીશ.” (૨ કરિંથી ૬ : ૧૭)

(૧) માત્થી ૨૩ : ૨૬ કહે છે, “.... પહેલા થાળી વાટકો માંહેથી સાફ કર કે, તે ................................

થી પણ સાફ થઈ જાય.”

(૨) ૧ પિત્તર ૩ : ૩-૪ આપણને કહે છે કે એ બહારનો શણગાર નથી. જે સ્ત્રીને સુંદર બનાવે છે પરંતુ તે શણગાર તો ................................ તથા ................................ આત્માનો છે જે દેવની નજરમાં બહુ મૂલ્યવાન છે.

(૩) ૧ તિમોથી ૨ : ૮-૧૦ જે ................................ પોતાને શણગારે છે એને પવિત્ર સ્ત્રી તરીકે ઓળખાવેછે.

(૪) નીતિવચનો ૧૧ : ૨૨ ઉધ્ધત તથા અવિચારી સ્ત્રીની સરખામણી ................................ માં સોનાની ................................ સાથે કરે છે.

(૫) આજે સામાન્ય વલણ (રૂખ) “સમાનજાતિ” છે તેમ છતાં ઈશ્વરની સાથે બે જાતિઓ વચ્ચે હંમેશા તફાવત રહ્યો છે અને છે તે સ્ત્રીએ પુરુષના વેશ ધરવા વિશે ને પુરૂષે સ્ત્રીના વેશ ધરવા વિશે શું કહે છે ? (પુનર્નિયમ ૨૨ : ૫)

..........................................................................................

(૬) વચન લાંબા વાળ ધરાવનાર પુરુષ વિસે શું કહે છે ? (૧ કરિંથી ૧૧ : ૧૪)

.................................................................

વચન લાંબા વાળ ધરાવનાર સ્ત્રી વિશે શું કહે છે ? (૧ કરિંથી ૧૧ : ૧૫)

.................................................................

(૭) જો આપણે આપણા શરીરને વ્યભિચાર, કેફી પદાર્થ તથા અન્ય કોઈપણ પ્રકારના દુરુપયોગ વડે મલિન કરીએ છીએ તો શું થાય છે ? (૧ કરિંથી ૩ : ૧૭) ................................

(૮) ઈશ્વરે આપણને તેમનો પવિત્ર આત્મા આપ્યો છે માટે આપણા શરીરો મંદિરો બન્યા છે અને આપણે આપણા ................................ વડે દેવને મહિમા આપવો જરૂરી છે. (૧ કરિંથી ૬ : ૧૯-૨૦)

(૯) પાઉલ પવિત્રતાને બલિદાનયુક્ત જીવનના ચિત્ર તરીકે રજૂ કરે છે. આપણે આપણા શરીરોનું અર્પણ ઈશ્વરને કેવી રીતે કરવું જોઈએ ? (રોમન ૧૨ : ૧)

.................................................................

(૧૦) ગીતશાસ્ત્ર ૯૩ : ૫ જાહેર કરે છે, “.... પવિત્રતા તારા મંદિરને શોભે છે...” આનો અર્થ એમ છે કે પવિત્રતા ઈશ્વરને માટે સુંદર છે.

નીચેના વચનો આપણને કહે છે આપણે કેવી રીતે ઈશ્વરનું ભજન કરવું જોઈએ. વચન શોધો અને ખાલી જગ્યા પૂરો.

(અ) ૧ કાળવૃતાંત ૧૬ : ૨૯ “........................... પવિત્ર ...........................

*પહેરીને યહોવાની આગળ નમો."*

*(બ) ગીતશાસ્ત્ર ૨૯ : ૨ "પવિત્રતાની ............................... ધારણ કરીને યહોવાને ભજો."*

*(ક) ગીતશાસ્ત્ર ૯૬:૯ "પવિત્રતાની ............................... એ યહોવાને ભજો."*

## સારાંશ

*આપણે જ્યારે ખ્રિસ્તી બનીએ છીએ ત્યારે આપણું સમગ્ર જીવન પરિવર્તન પામે છે. ઘણા પરિવર્તનો તરત જ બને છે અને કેટલાક ક્રમે ક્રમે થાય છે. ઈશ્વરના બાળકો તરીકે આપણે આપણા કાર્યો અને પ્રવૃત્તિઓ કે જે આપણને પાછા આપણા જૂના જીવનના માર્ગમાં ખેંચી જાય છે. તેનાથી દૂર રહેવું જોઈએ. "તેથી, વહાલાંઓ આપણને એવા વચન મળેલા છે, માટે આપણે દેહની તથા આત્માની સર્વ મલિનતાને દૂર કરીને પોતે શુધ્ધ થઈએ અને દેવનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ." (૨ કરિંથી ૭ : ૧)*

*આ સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે જે જ્યારે આપણે ઈશ્વરની ઈચ્છાની સાથે સંમત થઈએ છીએ ત્યારે અને જેમ તે આપણને તેમના આત્મા દ્વારા દોરે છે ત્યારે શક્ય બને છે.*

## ઉત્તરો
## પવિત્રતા

**આપણી લાગણીઓમાં પરિવર્તન**

*(૧) ઉપરની વાતો પર તમારી લાગણીઓ રાખો.*

*(૨) (અ) જગત, જગતમાંના વાના*

*(બ) દૈહિક વાસના, આંખોની લાલસા, જીવનનો અહંકાર*

*(ક) જતી રહેશે*

*(ડ) તે સદા રહે છે.*

**આપણાં વલણોમાં પરિવર્તન**

*(૧) રીસ, ક્રોધ, અદાવત, નિંદા, બીભત્સ વચન, જૂઠું બોલવાનું*

*(૨) દેહ*

*(૩) દયાલુ હૃદય, મમતા, નમ્રતા, વિનય, સહનશીલતા, એકબીજાનુંસહન કરો, એકબીજાને ક્ષમા કરો, પ્રેમ*

*(૪) દુષ્ટતા, કપટ, દંભ, અદેખાઈ, નિંદા*

*(૫) (અ) વ્યભિચારીઓ (બ) મૂર્તિપૂજકો*

*(ક) લંપટો* *(ડ) વિષયીઓ*

*(ઈ) પુંમૈથુનીઓ* *(ફ) ચોરો*

*(ગ) લોભીઓ* *(એચ) છાકટા*

*(આઈ) નિંદકો* *(જે) જુલમથી પૈસા પડાવનારા*

*પ્રભુ ઈસુના નામે તથા આપણા દેવના આત્માથી શુધ્ધ થયા અને પવિત્રીકરણ તથા ન્યાયીકરણ પામ્યા.*

**આપણા વિચારોમાં પરિવર્તન**

(૧) ખ્રિસ્ત ઈસુના

(૨) રૂપ, રૂપાંતર

(૩) સત્ય, સન્માનપાત્ર, ન્યાયી શુધ્ધ, પ્રેમપાત્ર, સુકીર્તિમાન, સદ્‌ગુણ, પ્રશંસા

(૪) તોડી પાડવી જોઈએ અને ખ્રિસ્તની આધીનતામાં લાવવી જોઈએ.

આપણાં કાર્યો (કરણીઓ) માં પરિવર્તન

(૧) પવિત્ર આત્મા

(૨) દારૂ (કેફી પીણું)

(૩) વ્યભિચાર

(૪) દારૂ અને કેફી પીણું, અશ્લિલ ચલચિત્ર અને વ્યભિચાર

(૫) ચોરી

(૬) હું કોઈ ભૂંડી વસ્તુઓ મારી આંખો સામે રાખીશ નહિ.

(૭) દુષ્ટ સોબત

(૮) અસત્ય

**કેવી રીતે પવિત્ર બનવું**

(૧) ન્યાયીપણા, પવિત્રતા

(૨) વચનને હૃદયમાં રાખવું જોઈએ.

(૩) (અ) ના

(બ) જ્યારે તે પોતાની દુર્વાસનાથી ખેંચાઈ છે તથા લલચાય છે.

(૪) જાગતા રહેવું જોઈએ, પ્રાર્થના કરવી જોઈએ.

(૫) દેવને આધીન થવું જોઈએ, શેતાનની સામા થવું જોઈએ.

**પવિત્રતાની સુંદરતા**

(૧) બહાર

(૨) દીન, નમ્ર

(૩) સારા કામ

(૪) ભૂંડના નાક, નથણી

(૫) તે ધિક્કારપાત્ર (અમંગળ) છે.

(૬) તે તેને માટે અપમાનરૂપ (શરમજનક) છે.

તે તેને માટે શોભારૂપ છે.

(૭) દેવ નાશ કરશે.

(૮) શરીર

(૯) જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું

(૧૦) વસ્ત્ર, શોભા, સુંદરતા